# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30/04/2026** **EVENING: 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **સુરતમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ માટેની વિશેષ તૈયારી – નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પરિષદ સ્થળનું નિરીક્ષણ કર્યું.**
2. **ગુજરાતના સ્થાપના દિવસ પૂર્વે રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ રાજ્યના લોકોને શુભેચ્છાઓ પાઠવી.**
3. **રાજ્યના પેન્શનધારકોને પહેલી મે-થી ઘરેબેઠા નિઃશુલ્ક ડિજિટલ હયાતી પ્રમાણપત્ર પહોંચાડાશે – રાજ્ય સરકારની અનોખી પહેલ.**
4. **રાજ્યમાં આગામી સાત દિવસ તાપમાનમાં ફેરફારની શક્યતા નહીંવત્.**
5. **રાજ્યના બિલિયર્ડ્સ ખેલાડી ધ્વજ હરિયાએ આયર્લેન્ડમાં યોજાયેલી વૈશ્વિક સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.**

# SANGHAVI VGRC MEETING

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં આવતીકાલથી શરૂ થતી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ - **VGRC**ની તૈયારીઓની સમીક્ષા કરી. તેમણે આ પરિષદ પહેલા લૉજિસ્ટિક્સ, સુરક્ષા અને સંકલન સાથે જોડાયેલી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું.

શ્રી સંઘવીએ ઉદ્યોગપતિઓ સાથે યોજાયેલી બેઠકમાં નિર્ભરતા ઘટાડવા, સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવવા અને રાજ્યને આત્મનિર્ભર ઔદ્યોગિક શક્તિના મુખ્યકેન્દ્ર તરીકે સ્થાન અપાવવા અંગે ચર્ચા કરી. આ અંગે શ્રી સંઘવીએ વધુ માહિતી આપી.

**(BYTE: HARSH SANGHAVI, DYCM)**

# HARDIPSINH PURI SURAT

સુરતની ઑરો યુનિવર્સિટી ખાતે આવતીકાલથી રાજ્યની ત્રીજી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – **VGRC**નો પ્રારંભ થશે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરી અને જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ આ પરિષદમાં ઉપસ્થિત રહેશે.

દરમિયાન આવતીકાલથી પાંચ મે સુધી 12 હજાર ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલી યુનિવર્સિટીમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પ્રદર્શન – **VGRE** યોજાશે. તેમાં દક્ષિણ ગુજરાતની ઔદ્યોગિક શક્તિ અને વૈવિધ્યપૂર્ણ ક્ષમતાનું પ્રદર્શન કરાશે.

# FIEO-SURAT

સુરતમાં રાજ્ય સરકારના ભારતીય નિકાસ મહામંડળ - **FIEO**ના સહયોગથી એક વિશિષ્ટ રિવર્સ બાયર-સેલર મીટ **RBSM** યોજાશે. ઓરો યુનિવર્સિટી ખાતે યોજાનારી **VGRC**માં **FIEO** એ ગુજરાત સ્થિત  સૂક્ષ્મ લઘુ મધ્ય ઉદ્યોગ **MSME** નિકાસકારો સાથે જોડાવા માટે યુનાઇટેડ કિંગડમ,  ઓસ્ટ્રેલિયા,  રોમાનિયા, સંયુક્ત આરબ અમીરાત સહિત 15 થી વધુ દેશોના 45 થી વધુ વિદેશી ખરીદદારોને આમંત્રિત કર્યા છે.

આ **RBSM** વેપાર માટેની વિશેષ મુલાકાતોની સુવિધા પૂરી પાડશે, જેનાથી પ્રાદેશિક ઉદ્યોગો માટે અર્થપૂર્ણ વેપારી સંબંધો બાંધવાની અને નિકાસની તકો સર્જાશે.

# RAJYPAL-STHAPANA DIVAS

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે 'ગુજરાત સ્થાપના દિવસ' નિમિતે રાજ્ય ઉપરાંત દેશ-વિદેશમાં વસતા તમામ ગુજરાતી ભાઈ-બહેનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. શુભેચ્છા સંદેશમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સંતો, શૂરવીરો અને કર્મયોગીઓની પવિત્ર ભૂમિ છે. મહાત્મા ગાંધીજીના સત્ય-અહિંસા, સરદાર વલ્લભભાઈ પટેલની અખંડિતતા અને મહર્ષિ દયાનંદ સરસ્વતીના જ્ઞાનના વારસાએ ગુજરાતને વૈશ્વિક સ્તરે અનોખી ઓળખ અપાવી છે.

**(BYTE : RAJYAPAL)**

# CM ON GUJARAT DAY

ગુજરાત રાજ્યનો આવતીકાલે 66-મો સ્થાપના દિવસ છે. આ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સુરતમાં કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગૌરવ દિવસ નિમિત્તે પ્રજાજોગ સંદેશ આપતા કહ્યું, વિશ્વ આખું રાજ્યના વિકાસ મૉડેલથી પ્રભાવિત થઈને ગુજરાત તરફ આકર્ષાયું છે. શ્રી પટેલે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપ પર વિશ્વાસ અકબંધ રાખવા બદલ લોકોનો આભાર માન્યો. શ્રી પટેલે વર્ષ 2035 સુધીમાં ગુજરાતને વિશ્વને વિકાસનું દિશાદર્શન કરાવનારું મૉડેલ સ્ટેટ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

શ્રી પટેલે દેશ અને વિશ્વમાં વસતા ગુજરાતી ભાઈ-બહેનોને રાજ્ય સરકાર અને મંત્રીમંડળના સૌ સભ્યો વતી ગુજરાત સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી.

# SUMMER VACATION

**રાજ્યની શાળાઓમાં આગામી ચાર મેથી ઉનાળું વેકેશન શરૂ થશે. શિક્ષણ વિભાગે જાહેર કરેલા પરિપત્ર મુજબ, આગામી સાત જૂન સુધી એટલે કે, 35 દિવસ શાળાઓમાં ઉનાળાની રજા રહેશે. જ્યારે આઠ જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે.**

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# ATAL-SWANT-SUKHAY

રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓ અને અધિકારીઓ માટે “અટલ સ્વાન્તઃ સુખાય યોજના”ને નવા સ્વરૂપે અમલમાં મૂકવાનો ઠરાવ જાહેર કરાયો છે. તે અંતર્ગત વિવિધ યોજનામાં યોગદાન આપનારા કર્મચારી કે અધિકારીઓને દર વર્ષે 25 ડિસેમ્બર – સુશાસન દિવસે પુરસ્કાર વિતરણ કરાશે. રાજ્યમાં આ નવી યોજના વર્ષ 2025-26થી અમલમાં આવશે.

# PENSIONERS GOOD NEWS

રાજ્ય સરકારના પેન્શનધારકોને ઘરેબેઠા નિઃશુલ્ક ડિજિટલ હયાતી પ્રમાણપત્ર પહોંચાડાશે. આ માટે રાજ્ય સરકાર અને ઇન્ડિયા પૉસ્ટ પૅમેન્ટ બૅન્ક વચ્ચે થયેલા કરારથી રાજ્યના પાંચ લાખથી વધુ પેન્શનધારકોને લાભ થશે. આ અંગે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પૉસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે કહ્યું, પેન્શનધારકોને હવે જીવન પ્રમાણપત્ર (હયાતી) ચકાસણી માટે બૅંક, ટ્રેઝરી અથવા અન્ય કોઈ કચેરીમાં જવાની જરૂર નહીં પડે. પહેલી મૅથી 31 જુલાઈ સુધી આ સેવા પોસ્ટમેન અને ગ્રામિણ ડાક સેવકો દ્વારા તેમના ઘરે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવાશે.

અન્ય રાજ્યોમાં રહેતા ગુજરાતના પેન્શનધારકોને પણ આ સેવાનો લાભ મળશે. આ માટે તેમણે નજીકની ટપાલ કચેરી અથવા પૉસ્ટમેન સાથે સંપર્ક કરવાનો રહેશે.

# SWAGAT

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આજે યોજાયેલા સ્વાગત કાર્યક્રમમાં નાગરિકોના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરાયું. મહેસાણા જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં **53** પ્રશ્નો રજૂ થયા.

જ્યારે સાબરકાંઠાના કાર્યક્રમમાં નાગરીકોએ રજૂ કરેલા 11 જેટલા પ્રશ્નોમાંથી 9 પ્રશ્નોનો નિકાલ કરાયો.

પાટણના કાર્યક્રમમાં કલેકટરે **10** અરજદારોની રજૂઆતો સાંભળી દરેક અરજીનો તાત્કાલિક અને અસરકારક નિકાલ કરવા તંત્રને અનુરોધ કર્યો.

ગીર સોમનાથના કાર્યક્રમમાં કલેકટરે નાગરિકોની રજૂઆતોનું નિરાકરણ લાવવા સંબંધિત વિભાગોને સૂચનાઓ આપી હતી.

# NEW BUS SANGHAVI

રાજ્ય સરકાર દ્વારા નવસારી, વાપી અને પાલનપુરમાં નવા 17 રૂટને મંજૂરી અપાઈ છે. સત્તાવાર યાદી મુજબ, મુખ્યમંત્રી શહેરી બસ સેવા યોજના અંતર્ગત નવસારી માટે સાત, વાપી માટે ચાર અને પાલનપુર નગરપાલિકા વિસ્તાર માટે છ રૂટ મંજૂર કરાયા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, અંતરિયાળ વિસ્તારો સુધી બસ પહોંચવાથી સામાન્ય નાગરિકોના સમય અને નાણાની બચત થશે.

# POLICE BOARD RESULT

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા 19 એપ્રિલે લેવાયેલી પોલીસ સબ-ઇન્સ્પેક્ટર કૅડરની લેખિત પરીક્ષાના પ્રશ્નપત્ર એકની પ્રૉવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. ઉમેદવારો બૉર્ડની વૅબસાઈટ GPRB.GUJARAT.GOV.IN પર તેને જોઈ શકશે.

ઉમેદવારો તેમના વાંધા કે રજૂઆત આગામી ચોથી મૅએ સાંજે પાંચ વાગ્યા સુધી ઑનલાઈન મોકલી શકશે, તેમ ભરતી બૉર્ડની યાદીમાં જણાવાયું છે.

# EVE WEATHER FORECAST

રાજ્યમાં આગામી સાત દિવસ ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, રાજ્યના કેટલાક જિલ્લામાં આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાન 40 ડિગ્રી સૅલ્સિયસને પાર પહોંચી શકે છે. હાલ રાજ્યમાં ગરમીમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

# STATE PLAYER MEDAL

રાજ્યના બિલિયર્ડ્સ ખેલાડી ધ્વજ હરિયાએ વૈશ્વિક સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. તાજેતરમાં આયર્લૅન્ડમાં યોજાયેલી **IBSF** વિશ્વ બિલિયર્ડ્સ સ્પર્ધામાં તેમણે આ સિદ્ધિ મેળવી હતી.

બીજી તરફ ગોવામાં યોજાયેલી 69-મી ભારતીય રાષ્ટ્રીય રમતગમત બીચ વૉલિબોલ સ્પર્ધામાં રાજ્યના બાળકોની ટીમે કાંસ્ય ચંદ્રક મેળવ્યો. 17 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં તેમણે આ સિદ્ધિ મેળવતા ગુજરાત રમતગમત સત્તામંડળે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# IPL CRICKET AMD MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હમણાં 7.30 વાગ્યે આ મેચ શરૂ થશે. હાલમાં શુબમન ગિલની આગેવાની હેઠળની ગુજરાતની ટીમે જીતીને બોલિંગ પસંદ કરી છે.

# MUNICIPAL CORPORATION MAYOR

રાજ્યની નવી નવ સહિત 15 મહાનગરપાલિકામાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે. હાલ મહાનગરપાલિકામાં મેયર કોણ બનશે તેની ચર્ચા ચાલી રહી છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, કરમસદ-આણંદ મહાપાલિકામાં પહેલા અઢી વર્ષ મહિલા માટે અને બીજા અઢી વર્ષ સામાન્ય શ્રેણી માટે અનામત રહેશે.

જ્યારે નડિયાદ મહાપાલિકામાં પહેલા અઢી વર્ષ સામાન્ય શ્રેણી અને બીજા અઢી વર્ષ મહિલા માટે અનામત રહેશે. જ્યારે અમદાવાદમાં પહેલા અઢી વર્ષ **OBC** અને બીજા અઢી વર્ષ મહિલા માટે અનામત રહેશે.

મહેસાણા મહાપાલિકામાં અઢી વર્ષ મહિલા અન્ય પછાત વર્ગ – **OBC** અને બીજા અઢી વર્ષ સામાન્ય શ્રેણી માટે તેમજ ગાંધીધામ મહાનગરપાલિકામાં પહેલા અઢી વર્ષ મહિલા તો, બીજા અઢી વર્ષ **OBC** માટે અનામત રહેશે.